ઇ.ટેક્ષ/૨૦૧૮-૧૯/ ૪૦૪૧૨
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત. તા. ૨૬/૦૩/૨૦૧૯.

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી,
તમામ શાળાઓ

**વિષય:-** હિસાબી વર્ષ ૨૦૧૯-૨૦નાં વર્ષમાં ઇન્કમટેક્ષની કપાત બાબત...

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની કચેરીનાં કર્મચારીઓ અને પ્રાથમિક શાળાઓનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, કર્મચારીઓનાં પગારમાંથી ભારતીય આવક વેરા ધારા ઇન્કમટેક્ષ એક્ટ ૧૯૬૧ મુજબ TAX DEDUCTED AT SOURCE U/S 192 હેઠળ ટેક્ષ કપાત કરવામાં આવે છે.

આ કપાત માટે હિસાબી વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન દરેક કર્મચારી/શિક્ષકનું સભંવિત રોકાણ આગળના હિસાબી વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન કરવામાં આવેલ રોકાણને ધ્યાને લઇ ટેક્ષની કપાત કરવામાં આવશે.

કેન્દ્ર સરકારે તાજેતરમાં હિસાબી વર્ષ ૨૦૧૯-૨૦નાં બજેટમાં સુધારા-વધારા કરેલ છે. જે નીચે મુજબ છે.

(૧) કલમ U/S 87A :- હેઠળ જેમની કરપાત્ર આવક (ટેક્ષેબલ ઇન્કમ) રૂા.૫,૦૦,૦૦૦/- કે તેથી ઓછી હોય તેમને રૂા.૧૨,૫૦૦/- બાદ મળવાપાત્ર છે.

(૨) Standard Deduction રૂા.૫૦,૦૦૦/- બાદ મળવાપાત્ર છે.

(3) હિસાબી વર્ષ ૨૦૧૯-૨૦ ના ઇન્કમ ટેક્ષના સ્લેબ બદલાયેલ છે જે નીચે મુજબ છે.

| ઇન્કમ ટેક્ષ સ્લેબ | ઇન્કમ ટેક્ષ રેટ |
|---|---|
| રૂ. ૨,૫૦,૦૦૦ સુધી | ૦ % |
| રૂ. ૨,૫૦,૦૦૦ થી રૂ. ૫,૦૦,૦૦૦ સુધી | ૫ % |
| રૂ. ૫,૦૦,૦૦૦ થી રૂ. ૧૦,૦૦,૦૦૦ સુધી | ૨૦ % |
| રૂ. ૧૦,૦૦,૦૦૦ થી વધુ | 30 % |

આથી આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, હિસાબી વર્ષ ૨૦૧૯-૨૦ **દરમિયાન જે કર્મચારી/શિક્ષક રિટાયર્ડ થતા હોય તેમણે જે તે રિટાયર્ડની તારિખ પહેલા રોકાણના પુરાવા અત્રેની કચેરીએ રૂબરૂમાં આવી ફરજીયાત પણે જમા કરાવી જવાના રહેશે.** આ જાવક ઇન્કમટેક્ષ બાબતે જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી કરવામાં આવે છે. વધુ માહિતી ઇન્કમટેક્ષના જાણકાર પાસે મેળવવા નોંધ લેશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

સવિનય નકલ રવાના : ૧) અધ્યક્ષશ્રી
૨) તમામ નિરિક્ષકશ્રીઓ